# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ ૦૨ તા. 01-04-2021

## ગુજરાત વિધાનસભામાં પૂર્ણ બહુમતી સાથે પાસ થયેલ ગુજરાતમાં ધર્મ સ્વતંત્રતા અધિનિયમ સુધારા વિધેયકને આવકારતા પ્રદેશ ભાજપા પ્રવક્તાશ્રી યમલભાઈ વ્યાસ

ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તા. ૦૧.૦૪.૨૦૨૧ના ગુજરાત વિધાનસભા ગૃહ માં ગૃહરાજ્યમંત્રી શ્રીપ્રદીપસિંહ જાડેજા દ્વારા ગુજરાતમાં ધર્મ સ્વતંત્રતા અધિનિયમ સુધારા વિધેયક રજુ કરવામાં આવ્યો હતો, તે પ્રસ્તાવ રજુ કરતા માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે, આ બીલમાં કોઈ રાજકીય એજન્ડા નથી, અમારી વ્યથા છે. દીકરીઓ હિંદુ ધર્મમાં પાછી આવી શકવું મુશ્કેલ બને છે, જેથી દીકરીઓના રક્ષણ માટે આ કાયદો છે.

આ વિધેયક પૂર્ણ બહુમતી સાથે વિધાનસભામાં પાસ થયેલ છે, તે બદલ ગુજરાત પ્રદેશ ભાજપાના પ્રવક્તાશ્રી યમલભાઈ વ્યાસએ આ વિધેયકને આવકાર્યું છે તથા આ બીલ પાસ કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા ગૃહરાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાજીનો ગુજરાતની જનતા વતી આભાર વ્યક્ત કર્યો છે.

ડૉ.યજ્ઞેશ દવે
પ્રદેશ મીડિયા કન્વીનર,